ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૯/૧૯–૨૦/ 1056

તારીખ : [redacted]4 MAR 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**મે. પુજા ફુડસ,**

રાજકોટ હાઈવે, શેખપર,

તા.મુળી, જી.સુરેન્દ્રનગર.

**મો.નં.૯૮૨૫૨ ૩૦૮૧૧.**

કેસ નં.૧૦૯/૧૯–૨૦

**વિષય : લોડ ડેવલપમેન્ટ ચાર્જની ભરેલ રકમ પરત મળવા અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૧૨/૨૦૧૯, અત્રેની કચેરીને મળ્યા તા.૧૬/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૧૯–૨૦/૫૦૭૦ તા.૧૭/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૧૯–૨૦/૩૪૨ તા.૧૭/૦૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૧૯–૨૦/૬૩૯ તા.૦૬/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૮/૦૧/૨૦૨૦ તથા તા.૧૯/૦૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ગ્રામ્ય.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૯/૧૯–૨૦** ☜

વાદી :– મે. પુજા ફુડસ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૮.૦૧.૨૦૨૦ તથા ૧૯.૦૨.૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ – ( મે. પુજા ફુડસના પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.પુજા ફુડસ, શેખપર તા.મુળી, જી.સુરેન્દ્રનગરની લોડ ડેવલપમેન્ટ ચાર્જની ભરેલ રકમ પરત મળવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૦૯/૧૯–૨૦/૫૦૭૦ તા.૧૭.૧૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૮.૦૧.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી મે. પુજા ફુડસના પાર્ટનર શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ. જેમાં પ્રતિવાદી તરફે સદર કેસને લગતા વધુ ડોકયુમેન્ટ રજુ કરવા મુદત માગેલ. જે અન્વયે તા.૧૯.૦૨.૨૦૨૦ ના રોજ વધુ એક મુદત આપવામાં આવેલ, જેમાં જેમાં વાદી મે. પુજા ફુડસના પાર્ટનર શ્રી કમલેશભાઈ શાંતિલાલ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારે પુજા ફુડસ નામનું 91 KW નું LTMD ટેરીફમાં ઔદ્યોગીક જોડાણ ગ્રાહક નંબર ૨૫૯૩૦/૦૦૪૧૨/૯ થી રાજકોટ હાઈવે પર ચાલુ છે. અમોએ નવા વીજજોડાણ અને લોડવધારાની કાર્યવાહી દરમ્યાન જે તે સમયે તે વખતના લોડ ડેવલપમેન્ટ ચાર્જ નીચે મુજબ ભરેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

| | રકમ | રસીદ નંબર અને તારીખ |
|---|---|---|
| (૧) | રૂા. ૪,૫૦૦/– | ૫૧૪/૧૧–૦૩–૨૦૦૪ |
| (૨) | રૂા. ૯,૦૦૦/– | ૪૫૬૧૬૪/૨૯–૧૧–૨૦૦૪ |
| (૩) | રૂા.૪૬,૮૦૦/– | ૫૦૮૭૬૩/૨૨–૦૯–૨૦૦૫ |
| કુલ રકમ | રૂા.૬૦,૩૦૦/– | |

૧.૨ નિયમ મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જ સામે ભરેલ રકમ ગ્રાહકને સાત વર્ષ પછી, સાત હપ્તામાં ગ્રાહકના બીલમાં એડજસ્ટ કરી રીફન્ડ આપવાના થતા હતા અથવા ચેકથી રીફન્ડ આપવાના થતા હતાં. અમોએ ઉપર મુજબની ભરેલ રકમ રૂા.૬૦,૩૦૦/– અમને જીઈબી અથવા પીજીવીસીએલ એ ચાલુ બીલમાં જે તે સમયે રીફન્ડ આપેલ નહી, જે તેઓએ નિયમ મુજબ આપવાના થતા હતાં. આ રકમ હપ્તામાં જીઈબી એ બીલમાં એડજસ્ટ કરવાની થતી હતી.

૧.૩ અમોએ લોડ ડેવલપમેનટ ચાર્જની ભરેલ રકમ રૂા.૬૦,૩૦૦/– પરત મેળવવા પીજીવીસીએલના કાર્યપાલકને નીચે મુજબ અરજી આપેલ કાર્યવાહી કરેલ છે પરંતુ અત્યાર સુધી અમોને કાર્યપાલક ઈજનેર સુરેન્દ્રનગર તરફથી રૂા.૬૦,૩૦૦/– પરત મળેલ નથી તેમજ તે અંગે કોઈ જવાબ પણ મળેલ નથી.

રૂા.૬૦,૩૦૦/– રીફન્ડ લેવા માટેના પત્રની યાદી

(૧) પત્ર તા.૦૯–૦૮–૨૦૧૮ અરજી, FQ અને રસીદની કોપીની નકલ સામેલ છે.

(૨) યાદી પત્ર તા.૨૮–૧૧–૨૦૧૮... ઈન્ડેમ્નીટી બોન્ડ સાથે અરજી કરેલ છે, નકલ સામેલ છે.

(૩) યાદી પત્ર તા.૧૫–૦૫–૨૦૧૯... નકલ સામેલ છે.

૧.૪ ઉપર જણાવેલ લેન્ડ ડેવલપમેન્ટ ચાર્જ રૂા.૬૦,૩૦૦/– ની રકમ અમોને વ્યાજ સહીત પરત મળે તેવો પીજીવીસીએલને હુકમ કરવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ વાણિજય પરિપત્ર નંબર–૬૭૬ મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જ પેટે જે રકમ ભરવામાં આવેલ હોય તે રકમના ૫૦% રકમ (વ્યાજ વગર) વીજધારકને સાત વર્ષ પછી દર છ મહીને સાત હપ્તામાં વીજબીલમાં જમા આપવાની હોય છે. સદર રકમ રોકડમાં આપી શકાતી નથી. જેનો પરીપત્ર આ સાથે સામેલ છે.

૨.૨ આ મુજબની રકમ જમા આપવા માટે ગ્રાહક પાસેથી કોઈ રસીદ માંગવામાં આવતી નથી. જે ગ્રાહકને રકમ જમા આપવાની બાકી હોય તેની વિગત સસ્પેન્સ એકાઉન્ટ રજીસ્ટર ૪૭૩૩૪ માં જોવા મળે છે. સદર ગ્રાહકની રકમ આ રજીસ્ટર બાકી હોવાનું જાણવા મળેલ નથી. જે આપ સાહેબશ્રીની જાણ સારૂ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ મુકેલ આધાર પુરાવાને ધ્યાને લઈ નીચે મુજબ તારણ છે.

૩.૧ વાદી અરજદાર મે.પુજા ફુડસના નામનું LTMD ટેરીફ હેઠળ ૯૧ KW નું ઔદ્યોગીક વીજજોડાણ ગામ–શેખપર તા.મુળીમાં ગ્રાહક નં.૨૫૯૩૦/૦૦૪૧૨/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીની રજુઆત છે કે તેઓએ રૂા.૪,૫૦૦/– રસીદ નં.૫૧૪ તા.૧૧.૦૩.૨૦૦૪, રૂા.૯,૦૦૦/– રસીદ નં.૪૫૬૧૬૪ તા.૨૯.૧૧.૨૦૦૪ તેમજ રૂા.૪૬,૮૦૦/– રસીદ નં.૫૦૮૭૬૩ તા.૨૨.૦૯.૨૦૦૫ થી એમ કુલ રૂા.૬૦,૩૦૦/– લોડ ડેવલપમેન્ટ ચાર્જ હેઠળ ભરેલ હતાં, જે પ્રતિવાદીએ નિયમ મુજબ રીફન્ડ કરેલ નથી.

૩.૩ વાદીએ તા.૦૯.૦૮.૨૦૧૮ ના રોજ લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમ રીફન્ડ લેવા માટે એસ્ટીમેટ તથા લોડ ડેવલપમેન્ટ ચાર્જ ભરેલ પૈસાની રસીદની નકલ જોડી પ્રતિવાદીની કચેરીમાં અરજી કરેલ ત્યારબાદ તા.૨૮.૧૧.૨૦૧૮ થી વાદીએ ઈન્ડેમ્નીટી બોન્ડ સાથે ફરી અરજી કરેલ અને ત્યારબાદ તા.૧૫.૦૫.૨૦૧૯ ના રોજ ફરીથી અરજી કરેલ પરંતુ પ્રતિવાદીએ વાદીને રકમ પરત આપેલ નથી તેમજ કોઈ પ્રત્યુતર આપેલ નથી.

૩.૪ તે વખતનાં પરીપત્ર નં.૬૭૬ તા.૦૫.૦૭.૧૯૯૭ મુજબ પ્રતિવાદીએ વસુલ કરેલ લોડ ડેવલપમેન્ટ ચાર્જની રકમના ૫૦% રકમ ૭ વર્ષ બાદ દર છ માસે સાત હપ્તામાં વ્યાજ વગર રીફન્ડ કરવાના હતાં.

૩.૫ પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ લોડ ડેવલપમેન્ટ ચાર્જ ની રકમ જમા આપવા માટે ગ્રાહક પાસેથી કોઈ રસીદ માંગવામાં આવતી નથી તેમજ જો કોઈ ગ્રાહકની રકમ જમા આપવાની બાકી હોય તો તેની વિગત સસ્પેન્સ રજીસ્ટમાં જોવા મળે છે અને સદર ગ્રાહકની રકમ આ રજીસ્ટરમાં બાકી હોવાનું જોવા મળેલ નથી.

૩.૬ પ્રતિવાદીએ વાદીને તેણે ભરેલ લોડ ડેવલપમેન્ટની રકમ રૂા.૬૦,૩૦૦/– ના ૫૦ % નિયમ મુજબ સાત વર્ષ પછી દર છ મહીને સાત હપ્તામાં રીફન્ડ કરેલ હોય અથવા તેના વીજબીલમાં જમા કે પરત આપવામાં આવેલ હોય તેવો કોઈપણ રેકોર્ડ લેઝર કોપી રજુ કરેલ નથી તેમજ આ નાણાકીય બાબતનો રેકોર્ડ જે રીફન્ડને પાત્ર હોય તેવો રેકર્ડ રજુ કરેલ નથી.

૩.૭ પ્રતિવાદીની દલીલ છે કે સસ્પેન્સ એકાઉન્ટમાં ગ્રાહકની રકમ બાકી હોય તેવું જોવા મળેલ નથી તેથી દલીલ માનય રાખી શકાય નહી તેમજ પ્રતિવાદીએ ફોરમને બતાવેલ સસ્પેન્સ એકાઉન્ટમાં ગ્રાહકના નામની કોઈ એન્ટ્રી જોવા મળતી નથી અને સસ્પેન્સ એકાઉન્ટ નમુના માટે બતાવવામાં આવેલ. આમ, પ્રતિવાદીએ રીફન્ડ કર્યા અંગેનો કોઈ રેકોર્ડ રજુ કરેલ નથી તેથી વાદીને લોડ ડેવલપમેન્ટ ચાર્જની ભરેલ રકમનાં ૫૦% રકમ પરત કરવાને પાત્ર છે. .પ્રતિવાદીએ ફોરમને મૌખિક કરેલ રજુઆત મુજબ આ પ્રકારની ડીપોઝીટ અને બીજી રકમ સસ્પેન્સ એકાઉન્ટમાં બતાવવામાં આવે છે અને તેને રીફન્ડ આપવાની નોંધ કરવામાં આવે છે. પ્રતિવાદીએ ફોરમને આજરોજ તે પ્રકારનું સસ્પેન્સ રજીસ્ટર બતાવેલ છે પરંતુ તેમાં વાદીના લોડ ડેવલપમેન્ટ ચાર્જ ભર્યા અંગેની કોઈ એન્ટ્રી નથી તેમજ રીફન્ડ આપવાની કોઈ નોંધ નથી. જે રજીસ્ટર

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

દેખાડવામાં  આવેલ છે તે એક નમુનાનું રજીસ્ટર છે, જેમાં બીજા ગ્રાહકોની નોંધ જોવા મળેલ છે પરંતુ વાદી અંગેની કોઈ નોંધ નથી.

૩.૮ વાદી તથા પ્રતિવાદીએ રજુ કરેલ રેકોર્ડ અને રજુઆત તેમજ ઉપર મુજબના અવલોકન પરથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ, વાદીએ ભરેલ લોડ ડેવલપમેન્ટ ચાર્જ ની રકમ રૂ.૬૦,૩૦૦/– ના ૫૦ % રકમ દિવસ–૩૦ માં રીફન્ડ આપવા.

**: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે  દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એન. આજકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૯.૦૨.૨૦૨૦**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar